| Publication: Ahmedabad Express | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 20, 2016 | Page: 5 |

## BUSINESS BUZZ

# એચપીએલ ઇલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડનો આઇપીઓ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ને ગુરુવારે ખુલશે અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ને સોમવારે બંધ થશે



પ્રતિનિધિ દ્વારા, અમદાવાદ, તા ૧૯

એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ ("કંપની") એ ૨૨ સપ્ટેમ્બરે, ૨૦૧૬ના રોજ રોકડના બદલામાં શેરદીઠ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૭૫થી રૂ. ૨૦૨ નક્કી કરવામાં આવી છે અને આ આઈપીઓ મારફતે કંપની કુલ રૂ. ૩,૬૧૦ મિલિયન ("ઈશ્યૂ") ઊભા કરવા ઈચ્છે છે. ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સોમવારે બધ થશે. બિડ્સ લઘુતમ ૭૦ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૭૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ") એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ છે. સેબી આઈસીડીઆર નિયમન મુજબ, બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની એક્કર રોકાણકારોની સહભાગિતાનો વિચાર કરી શકે છે.